રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ ૩ : અંક ૩ તંત્રી : જયન્તિકા જયન્તભાઈ ૧૯૮૪ ફેબ્રુઆરી ૧

# 'સેવા'નો પ્રગતિ-હેવાલ : ૧૯૮૩

'સેવા'નું પૂરું નામ "સ્વાશ્રયી મહિલા સેવાસંઘ" અને અંગ્રેજી નામ 'સેલ્ફ એમ્પ્લોઈડ વિમેન્સ એસોસિએશન' છે. 'સેવા' ટ્રેડ યુનિયન કાયદા હેઠળ નોંધાયેલ એક સ્વાયત્ત મજૂરમંડળ છે. 'સેવા'નો જન્મ અને પ્રારંભિક વિકાસ મજૂર મહાજન સંઘ, અમદાવાદની નિશ્રામાં થયો. ૧૯૮૧, મે ૧લીથી 'સેવા' માતૃસંસ્થા મજૂર મહાજન સંઘથી અલગ થઈને સ્વતંત્ર રીતે ચાલે છે. 'સેવા'નું પ્રેરણાબળ ગાંધીવિચાર છે.

### સ્વાશ્રયી મહિલાઓની વાસ્તવિકતા

એક **શાકવાળી** બહેનને સવારમાં તેના ટોપલામાં શાક ભરવા રૂપિયા પચાસની મૂડીની જરૂર પડે છે. પડોશમાં રહેતા ખાનગી શરાફ પાસેથી તે પચાસ રૂપિયા દેવા પેટે લે છે. મોટા બજારમાંથી શાક ખરીદે છે, દિવસભર શેરીઓમાં ફરી શાક વેચે છે. દિવસને અંતે પેલા વ્યાજખોરને રૂપિયા પંચાવન પાછા વાળે છે. બીજી સવારે ફરી એ જ રીતે કરજ લે છે, કમાય છે, અને ભારે વ્યાજે મૂડી ભરપાઈ કરે છે. આમ દિનપ્રતિદિન ચાલે છે.

**એક સીલાઈ કરનારી** બહેન વેપારી પાસેથી ચિંદીમાંથી ખોળા સીવવાનું કામ લાવે છે. એક ખોળ સીવવાના તેને ૬૦ પૈસા મળે છે. પોતાનું જ મશીન, સોય, દોરા, તેલ, ઘરની બત્તી વાપરીને તે ખોળા સીવવાની મજૂરી કરે છે. એક ખોળ રૂપિયા સાતથી માંડીને પંદર સુધીમાં વેપારી વેચે છે.

**એક લુહારી બહેન** ભંગારમાંથી જાતે મહેનત કરીને સગડી, ચૂલા, તગારા, ડોલ એવી બધી ચીજો બનાવે છે. પંદર-વીસ વાર હથિયાર ઠોકે ત્યારે તો એના પતરામાં એક કાણું પડે તેવા સૈકાજૂના સાધનો આ ૧૯૮૩માં તે વાપરે છે.

**એક ખેતમજૂર બહેન** આઠથી દસ કલાક મજૂરી કરે છે ત્યારે ચાર-પાંચ રૂપિયા કમાય છે. વરસના જે કાંઈ થોડા મહિના કામ મળ્યું તે સાચું એમ સમજે છે. કરજ અને નીચી મજૂરીના ચક્કરમાં જ તેની જિંદગી વીતે છે.

આવા ધંધા મજૂરીઓની યાદી કરીએ તો ઘણી લાંબી થાય. આ ઉદાહરણો તો આપણા દેશની અદશ્ય મહિલા કામદારોની પરિસ્થિતિ વર્ણવવા માટે પૂરતાં છે. આ કોઈ રોજગાર વિનિમય કેન્દ્રે મેળવી આપેલી રોજગારી નથી. પોતાની જ શોધેલી, ટકાવેલી વિકસાવેલી, પારંપારિક રોજગારી દ્વારા તેઓ ઉત્પાદન કરે છે, અને ખુલ્લા બજારમાં સ્વયંઉત્પાદિત માલ-સામાન-સેવા-મજૂરી વેચે છે. તેથી જ તો અમે એમને 'સ્વાશ્રયી'—સેલ્ફ એમ્પ્લોઈડ કહીએ છીએ.

### 'સેવા'ના ત્રણ હેતુ

૧. અસંગઠિત વર્ગમાં કામ કરતી શ્રમજીવી બહેનોના આર્થિક પ્રશ્નો તથા પ્રદાનને સમાજની નજરે ચઢાવવું,

૨. શ્રમજીવી બહેનોની આવકમાં વધારો કરવા પ્રયાસ કરવો,

૩. શ્રમજીવી બહેનો પોતાની આવક પર સ્વયં માલિકી ધરાવે તેવો પ્રયાસ કરવો.

## ૧૯૮૩નું વર્ષ

૧. **સભ્યસંખ્યા** : ૧૩,૭૮૬ બહેનો.

૨. **માળખું** : દરેક સભાસદ રૂપિયા પાંચ વાર્ષિક સભ્ય ફી ભરે છે. લગભગ ૧૫૦ જેટલા આગેવાનોનું પ્રતિનિધિમંડળ છે તેમાંથી ૨૫ની કાર્યવાહક સમિતિ બને છે.

૨૧ સંગઠકો ધંધાવાર સંગઠન કરે છે. ૮ ધંધાસમિતિ છે જે પોતાના વ્યવસાયની સમસ્યાઓ ચર્ચીને નિર્ણય લેવામાં મદદરૂપ બને છે.

૩. યુનિયન પાંખ

**બીડીકામદારોના** પ્રશ્નો : લઘુતમ વેતન મળતું નથી. ૧૦૦૦ બીડીએ ૧૦૦ થી ૨૦૦ જેટલી બીડી છાંટી કાઢે છે. ઠેકેદારો દ્વારા માલિક કામ આપે છે, કેટલાક માલિકોએ ખરીદ-વેચાણ પદ્ધતિ અપનાવી છે, આ રીતે કાયદાના નિયમોમાંથી છટકી જાય છે.

આ વર્ષે અમદાવાદમાં મજૂરીમાં બે રૂપિયાનો વધારો થયો. નવસારીમાં પણ બે રૂપિયાનો વધારો થયો. છતાં હજુ લઘુતમ વેતન મળતું નથી. દિવાળીમાં બોનસ ન આપતાં માલિકોએ અમદાવાદમાં ઉચક થોડી રકમ બોનસ તરીકે આપી. રકમ ઓછી પણ ગયા વર્ષ કરતાં વધુ હતી. ૨૨૫ સ્કોલરશીપનાં ફોર્મ ભરીને લેબર કમિશ્નરને પહોંચાડ્યાં. (ગયા વર્ષે ૧૭૦૦ અમદાવાદમાં અને ૯૦૦ પાટણમાં ફોર્મ ભર્યાં હતાં). ૫૦૦ ઓળખપત્રો અપાવ્યાં.